# વડોદરા મહાનગરપાલિકા

## વર્ષ :૨૦૨૨-૨૩નાંઆકારણી રજીસ્ટર પ્રસિધ્ધ કરવાની જાહેર નોટીસ

**www.vmc.gov.in**

## આકારણી શાખા

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પશ્ચિમ ઝોનના હદ વિસ્તારમાં આવેલી તમામ રહેઠાણ, બીન રહેઠાણ, ઔદ્યોગીક એકમો સહીતની તમામ મિલકતોના સને ૨૦૨૨-૨૩નાંવર્ષનાં આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક' ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે.

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતી મુજ્બ મિલ્કતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા પશ્ચિમ ઝોનનાં (વોર્ડનં.૦૮,૦૯,૧૦,૧૧ અને ૧૨) હદ વિસ્તારમાં આવેલી રહેણાંક, બીનરહેણાંક અને ઔધોગિક એકમોની તમામ મિલ્કતોનાં સને ૨૦૨૨-૨૩ નાં વર્ષના આકારણી રજીસ્ટર તા.૧૯-૧૦-૨૦૨૨થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીનાં કામકાજનાં દિવસોમાં સવારનાં ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંબધિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે. આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા. ૦૨-૧૧-૨૦૨૨ સુધીમાં નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવાના રહેશે.

વાંધા અરજી અંગેનું ફોર્મ નિયત કિંમતેથી વોર્ડ કચેરી ખાતેથી મળી શકશે તેમજ અરજદાર સાદા કાગળ પર પણ વાંધા અરજી કરી શકશે.

સદર જાહેરાત સંબધીત વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા કચેરીનાં કામકાજનાં સમયમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવા તમામ કરદાતાઓને જણાવવામાં આવેછે.

પી.આર.ઓ.નં.૭૦૮ /૨૦૨૨-૨૩ મ્યુનિસિપલ કમિશનર